નવા ધોરણ પ્રમાણે

…બાઈ ઇલાકાની ભૂગોળ.

પ્રસિદ્ધ કરનાર,

માણેકલાલ કેશવલાલ.

અમદાવાદ.

“ વિજય પ્રવર્તક ” પ્રેસ.

સંવત ૧૯૬૦. સને ૧૯૦૩.

કીમત એક આનો

મુંબાઈ ઇલાકાની ભૂગોળ.

ભાગ ૧ લો.

ગુજરાતનું સામાન્ય વર્ણન.

સીમા—ઉત્તરે કચ્છનું રણ ને શીરોહી; પૂર્વે માળવા ને ખાનદેશ; દક્ષિણે થાણા જીલ્લો ને અરબી સમુદ્ર. પશ્ચિમે કચ્છનો અખાત, રણ ને અરબી સમુદ્ર. **કુદરતી દેખાવ**—મુખ્ય બે ભાગ છે. (૧) પશ્ચિમ તરફ કાઠિયાવાડ. (૨) પૂર્વ તરફ ઉત્તર દક્ષિણનો લાંબો પટ્ટો. [illegible] ખેડા જીલ્લો, ભરૂચ જીલ્લો, ખંભાતનું સંસ્થાન ને
પાલ [illegible] ૪. ખોરાકને એમાં ડુંગર કે પર્વતો નથી. અમદાવાદ જીલ્લો,
સુરત, ગોળ વાળા, [illegible] વાડનો મુલક એમાંના કેટલાક ભાગની જમીન
નમ [illegible], કઠીઆરા, કસ[illegible] બીજા ભાગોની ઘણી ખરી જમીનમાં ડુંગરા
આ [illegible] ૫. વસ્ત્રને માટે [illegible] ડુંગરા બતાવી તે ભાગની જમીન ડુંગર-
વાઇ વણનારા, ભાવસ કરાવવું.)

[illegible], દરજી. ધોબી, તજપીપળા, પાવાગઢ, આરાસુર, આબુ, શીરોહી[illegible].
ડુંગ[illegible] ૬. [illegible] ગિરિ ગિરનાર ને બરડો. આ પર્વતો ગુજરાતના પૂર્વ[illegible] પ્રધાન ખૂણામાં તથા કાઠિયાવાડના મધ્ય ભાગમાં આવેલા છે તથી તે ભાગની જમીન ઊંચી છે. આ ઊંચાણ વાળા ભાગમાંથી નદીઓ વહે છે. (ડુંગર કઇ કઇ દિશામાં વધેલા છે. ડુંગરાળી જમીન ખાડા ટેકરા વાળી હોય છે. એવી જમીનમાં ખેતી થોડા ભાગમાં થાય, બાકીના ભાગમાં ઝાડી ઉગી નીકળે વગેરે ભાન કરાવવું)

નદીઓ—મચ્છુ, ભાદર, શેત્રુંજી, કાઠિયાવાડમાં; બનાસ, સરસ્વતિ, સાબરમતી, મહી ગુજરાતના ઉત્તર ભાગમાં; નર્મદા, તાપી, મીંઢોળા, અંબીકા ને દમણગંગા દક્ષિણમાં. આ નદીઓ દેશને રસાળ કરે છે. (ત્રણે ભાગમાં નદીઓનાં વહેણ જુદી જુદી દિશાનાં છે તેથી ગુજરાતના ત્રણ ઢાળ તથા નદીઓ સમુદ્ર તરફ આવે છે માટે સમુદ્ર કીનારાનો મુલક નીચો છે એ ભાન કરાવવું.)

હવા પાણી.

આ પ્રાંતમાં શિઆળો, ઉનાળો, ને ચોમાસું એવી ત્રણ ઋતુઓ છે. **શિઆળો**—નવેમ્બરથી ફેબ્રુઆરી સુધી હોય છે, તેમાં ટાઢ પડે છે. પવન ઇશાન ખૂણાનો ને ઉત્તરનો હોય છે. **ઉનાળો**—માર્ચથી જુન સુધી હોય છે, તેમાં તાપ પડે છે. પવન પશ્ચિમનો હોય છે. **ચોમાસું**—જુલાઇથી અકટોબર સુધી હોય છે [illegible] સાદ
૨૦ થી ૩૦ ઇંચ સુધી વરસે છે. તેની શરૂઆ [illegible] રથી
થવા માંડે છે. પવન—દક્ષિણ, નૈરૂત્યકોણ ને પ [illegible]

શિયાળાની હવા સર્વત્ર સારી છે. તેથી [illegible]
યુરોપીઅનોને) બહુ અનુકુળ છે. ઉનાળાના [illegible]
કળાવે તેવી છે. વધારેમાં વધારે ગરમી ૧૧૬ [illegible]
દરિયાના પવનની અસરવાળા ભાગમાં સમધ [illegible]
[illegible] સાની આખરે હવાના ફેરફારથી ઘણુંકરીને બ [illegible]
હોય છે. તેમાં જંગલો પાસેના ભાગમાં તથા જ્યાં ચોમાસા [illegible]
બરાબ રહે છે ત્યાંની હવા વધારે બગડે છે.

ભરૂચ જીલ્લો ગાયકવાડી રાજ્યનો મધ્ય ભાગ, ખેડા જીલ્લો અમદાવાદ જીલ્લો, પાલણપુર એજન્સિ ને કાઠિયાવાડના મધ્ય ભાગ [illegible] તાપને ટાઢ વધારે પડે છે. સુરત જીલ્લો ને સુરત એજન્સિ, પંચમ

કાલ જીલ્લો ને પંચમહાલ એજન્સિ અને રેવાકાંઠા એજન્સિ એમાં ઉપરના જેટલો તાપ ને ટાઢ પડતાં નથી. સમુદ્ર કિનારાના મુલકોમાં ટાઢ ને તડકો સરખાં હોય છે. એટલે તે બહુ ઉપદ્રવ કરતાં નથી.

મુખ્ય પાક—અનાજ, શાક ભાજી, તેલીબીઆં, કપાસ, શેરડી ગળી, તંબાકુ, કસુંબી, ને મેવો વગેરે.

ઉદ્યોગ.

૧. ખેતીનો—અનાજ, કપાસ, શેરડી, તંબાકુ તલ, ગળી, શાક ભાજી વગેરે પકવવું.

૨. ઢોર પાળવાનો—બળદ, ઘોડા, ગધેડાં, ઊંટ અને પાડા વગેરે ભાર ઉંચકનાર; ગાયો, ભેંસો, બકરાંને ઘેટાં વગેરે દૂધ દહીં ઘી કરનાર ને બીજાં જનાવર ઉછેરવાં ને પાળવાં તથા છાણાં થાપવાં ને ખાતર કરવું.

૩. વગડાની ચીજો એકઠી કરવાનો—મહુડાં, લાખ, ગુંદર, કાઠી છાણાં અડાયાં અને કાટ વગેરે એકઠું કરવું

૪. ખોરાકને માટેનો—કુડીઆ, નેસ્તી, કાછીઆ, કંદોઈ ખાંડ વાળા, ગોળ વાળા, ઘી વાળા, તેલી, તંબોળી, દૂધ વાળા, રસોઇયા દળનાર, કઠીઆરા, કસાઈ ને ભઠીઆરા વગેરે—

૫. વસ્ત્રને માટેનો—પીંજારા, સુતરીઆ, તાગીઆ, કાંતનાર, રંગરેજ, વણનારા, ભાવસાર, બાંધનારા, કુંધી કરનારા, કાપડીઆ, દોશી વાણીઆ, દરજી. ધોબી, તાણીઆ, ચપડીઆ, વેંટનારા, તારકસ, ભરનાર, વગેરે.

૬. ઇમારતને માટે—કડીઆ, ઓડ, સુતાર, લુહાર, કાટપીટીઆ, કુંભાર, ચુનાવાળા, ખલાસ, લોઢાવાળાને મજુરી કરનાર તથા ચીતારા.

૭. વાસણને માટે—કંસારા, કુંભાર, કરાણીઆ, કલાઇ કરનાર લુહાર વગેરે.

૮. ઘરેણાને માટે—સોની, ચીતણીઆ, જડીઆ, ચોકશી ઝવેરી, પટવા, મોતીવાળા વગેરે.

૯. ઓસડને માટે—વૈદ્ય, દાક્તર, હકીમ, ગાંધી, દવા વેચનાર.

૧૦. પરચુરણ—ફરનીચર વેચનાર, મોચી, ચામડીઆ, ખાટકી કુંભાર, સરકારીને ખાનગી નોકરી કરનારા, વકીલ બારીસ્ટર ધીરધારકરનારા.

૧૧. માલ તૈયાર કરનાર—મીલો વાળા, જીનો વાળા, ફેકટરીઓ વાળા, કીનખાબ વાળા, મશરૂ વાળા, મગીઆં વાળા, ધોતીજોડા વાળા, ગજીઆણી વાળા, કોરપાલવ વાળા, તોઇકીટ વાળા વગેરે.

૧૨. માલ મંગાવનાર ને મોકલનાર—બંદર વાળામાં કેટલીક પેઢીઓ અને કંપનીઓ.

૧૩. નાણાવટીઓ ને બેંકો—ધીરધાર કરે છે.

ઉદ્યોગાંન સાધનો.

રેલવે, વહાણ, બાર વહન કરનાર પ્રાણી, રસ્તા, ટપાલને તાર.

૧. રેલવે.

મુંબાઈ વડોદરા રેલવે—મુંબાઇથી વઢવાણ સુધી તેમાં મુખ્ય સ્ટેશનો—મુંબાઈ, વસાઈ, પાલગઢ, દેહણું, દમણ, વલસાડ, નવસારી, સુરત, ભરૂચ, વડોદરા, આણુંદ, નડીઆદ, અમદાવાદ, સાણુંદ, વીરમગામ, લખતર, ને વઢવાણ.

તાપી રેલવે—સુરતથી જળગામ સુધી. તેમાં મોટાં સ્ટેશનો. સુરત, બારડોલી, વ્યારા, સોનગઢ, નંદુરબાર, અમલનેર, ને જળગામ.

રતલામ રેલવે—આણુંદથી રતલામ સુધી તેમાં મુખ્ય સ્ટેશનો—આણુંદ, ઉમરેઠ, ડાકોર, હાલરા, ડુંગા, ગોધરા, ઝાલોદ ને રતલામ.

રજપૂતાના રેલવે—અમદાવાદથી અજમેર સુધી. તેમાં મુખ્ય સ્ટેશનો—અમદાવાદ, કલોલ, મેસાણા, સિદ્ધપુર, પાલણપુર, આબુરોડ ને અજમેર.

કાઠિયાવાડ રેલવે—ભાવનગર, વેરાવળ, પોરબંદર, ને મોરબી

જોડે સંબંધ રાખે છે. તેમાં મુખ્ય સ્ટેશનો-વઢવાણ, લીંબડી, રાણ-પુર, ધોળા, ભાવનગર, પાલીતાણા, વેરાવળ, જુનાગઢ, જેતપુર, ધોળા, પોરબંદર, ધોરાજી, ગોંડલ, રાજકોટ, વાંકાનેર ને મોરબી.

ઉપરની રેલવેઓના ફાંટા—૧ પાલણપુરથી ડીસા, ૨ મેસાણાથી ખેરાળુ, ૩ મેસાણાથી પાટણ, ૪ મેસાણાથી વીરમગામ, ૫ વીરમગામથી ખારાઘોડા, ૬ અમદાવાદથી પ્રાંતીજ, ૭ અમદાવાદથી ધોળકા, ૮ આણંદથી ખંભાત, ૯ વડોદરેથી ચાંદોદ કરનાળી, ૧૦ વડોદરેથી પાદરા, ૧૧ મીઆંગામથી સંખેડા બહાદરપુર, ૧૨ અંકલેશ્વરથી રાજપીપળા.

૨. વહાણ અને આગબોટ—એક બંદરથી બીજે બંદરે માલ લઈ જવા લાવવાનું કામ કરે છે. તેથી બીજા પ્રાંતોને દેશો સાથે આ પ્રાંતનો વેપારી સંબંધ જોડાય છે.

૩. ભાર વહન કરનારાં પ્રાણી*—ગાડાં ખેંચે છે, ગુણોને કોથળા ઉપાડે છે, ને પ્રાંતના એક ભાગમાંથી બીજા ભાગમાં માલ લઈ જાય છે; તથા વહાણ અને રેલવેને મદદ કરે છે.

૪. રસ્તા (કાચી સડકો) આવા રસ્તાને લીધે ઘણો માલ આવજા થાય છે;ને માણસોની ઘણી આવજાને લીધે ચોર વગેરેનો ભો ઓછો રહેછે.

૫. ટપાલ—એક બીજા ભાગમાંના માલના ભાવની ખબરો લાવે લઈ જાય છે.

૬. તાર—માલના ભાવમાં એકાએક ફેરફાર થવાથી આ રસ્તે વેપારીઓ એક બીજાને ખબર આપે છે.

લોકને ભાષા.

લોક ઉદ્યોગી, મહેનતુ ને કરકસરીઆ છે ને તેમાં જાતો ઘણી છે. મુખ્ય ભાષા ગુજરાતી છે. પણ મુસલમાન ઉર્દૂ ભાષા બોલે છે.

---

* બળદ, ઘોડા, ગધેડાં, પોઠી અને ઉંટ વગેરે.

ધર્મ.

હિંદુ (બ્રાહ્મણને જૈનનો) મુસલમાની, જરતોસ્તી (પારસીઓનો) યાહુદી ને ખ્રિસ્તિ.

જાત્રાનાં ઠેકાણાં.

હિંદુનાં—દ્વારકાં, ડાકોર, અંબાજી, બહુચરાજી, શામળાજી, સિદ્ધપુર, ચાણોદકન્યાળી, પ્રભાસપાટણ ને વડતાલ. **જૈનનાં**—પાલીતાણા, ગિરનાર ને આબુ. **પારસીનું**—ઉદવાડા.

રાજ્યરીતિ.

આપણે મુંબાઈ ઇલાકામાં રહીએ છીએ. અને આ ઇલાકાના સૌથી મોટા ઉપરીને ગવર્નર કહેછે. તે મુંબાઈમાં રહે છે મુંબાઈમાં એક હાઇકોર્ટ છે તે કાયદા પ્રમાણે ન્યાય કરેછે. ન્યાય ખાતુ તેના તાબામાં છે.

સારી રીતે રાજ્યવહીવટ ચલાવવાને આ ઇલાકાના સિંધ, ઉત્તર ભાગ, મધ્ય ભાગ ને દક્ષિણ ભાગ એવા ચાર મોટા ભાગ કરી દરેક ભાગ કમીશનરને સોંપેલો છે. તેપર ગવર્નર સાહેબની દેખરેખ છે.

આપણો ગુજરાત પ્રાંત ઉત્તર ભાગમાં આવેલો છે તેથી આપણો મુખ્ય ઉપરી ઉત્તર વિભાગનો કમિશનર છે.

ગુજરાતમાં બે તરેહનાં રાજ્ય છે. ૧. ઇંગ્રેજ સરકારનો ખાલસા મુલક. ૨. દેશી રાજાઓનો મુલક (ઇંગ્રેજ સરકારની દેખરેખ તળોનો).

ખાલસા મુલકમાં.

ખાલસા મુલકના પાંચ ભાગ કરેલા છે. તે દરેક ભાગને જીલ્લો કહે છે. જીલ્લાનો મુખ્ય ઉપરી કલેકટર ને તેના મદદનીશો * હોય છે. તેમનાપર કમીશનર સાહેબ દેખરેખ રાખે છે.

---

* આસિસ્ટંટ કલેકટર, ડિસ્ટ્રિક્ટ ડેપ્યુટી કલેકટર, હજુર ડેપ્યુટી કલેકટર વગરે.

જીલ્લાના વિસ્તાર પ્રમાણે તેના વિભાગ પાડેલા છે તે દરેકને તાલુકો (પ્રગણું) કહે છે; તેનો ઉપરી મામલતદાર છે. તેપર કલેકટરની દેખરેખ હોય છે.

તાલુકાના વિસ્તાર પ્રમાણે તેમાં ગામો હોય છે. દરેક ગામનો વહિવટ મુખી (પોલીસ પટેલ), તલાટી ઉઘરાતદાર (રેવન્યુ પટેલ) કરે છે. ને તેમનાપર મામલતદારની દેખરેખ હોય છે.

ખાલસા મુલકનો રાજ્ય વહિવટ.

રેવન્યુખાતું—આ મુખ્ય ખાતું સરકારની ઉપજ બરાબર રીતે વસુલ કરવાનું તથા ખર્ચ કરવાનુ કામ કરે છે. આ ખાતામાં તલાટી, મામલતદાર ને કલેકટર વગેરે અધિકારીઓ કામ કરે છે.

સરવેખાતું—દરેક ખેડુત પાસે કેટલી ને કેવી ઉપજવાળી જમીન છે તે, તથા સરકારમાં ભરવાના પૈસા મુકરર કરવાનું કામ કરે છે. તે પ્રમાણે રેવન્યુ ખાતાવાળા વસુલ લે છે. આ ખાતું ફરતું છે, તેમાં મોજણીદાર ને સર્વેસુપ્રીન્ટેન્ડેન્ટ કામ કરે છે.

પોલીસખાતું—ખૂન કરનાર, ચોર, વાટ પાડુ, ધાડ પાડનાર, જુગારી, વગેરે લોકોને ઉપદ્રવ કરનાર તથા સરકારી ઉપજને નુકસાન કરનારને પકડી શિક્ષાને સારૂ માજીસ્ટ્રેટને હવાલે કરે છે. આ ખાતુ ઘણુંજ જરૂરી છે. આમાં ફોજદાર, પોલીસ ઇન્સ્પેકટર, ને પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટ કામ કરે છે.

ઇજનેરખાતું—રસ્તા, ધર્મશાળાઓ ને સરકારી ઇમારતો વગરે બાંધવાનું તથા તળાવો, નહેરો, કાંસ વગેરે ખોદવાનું કામ કરે છે. એમાં ઓવરસીઅર, ને ઇજનેર કામ કરે છે.

આબકારીખાતું—કેફી વસ્તુઓ વેચવાનું સરકારે પોતાને હસ્તક રાખેલું છે. તે ચીજો વગર પરવાને ઉત્પન્ન કરનાર, વાપરનાર,

ને વેચનારને પકડી શિક્ષા કરાવે છે. આમાં આબકારી ઇન્સ્પેક્ટર કલેક્ટરના તાબામાં રહી કામ કરે છે.

જંગલખાતું—ખાલસા મુલકમાં જ્યાં જ્યાં જંગલો હોય તે સાચવવાનું કામ કરે છે. આ ખાતું કલેક્ટરો ચલાવે છે.

કસ્ટમખાતું—મીઠું પકવવાનું કામ સરકારને હસ્તક છે. તેથી છાની રીતે પકવનાર ને તથા લાવનારને પકડી શિક્ષા કરાવે છે. આ ખાતું કલેક્ટરના હાથ નીચે હોય છે.

મ્યુનિસિપાલિટીઓ—મોટાં શહેરો અને કસ્બાઓમાં હોય છે તે સ્થાનિક લોકોપર કર નાખી પોતાની ઉપજ કરે છે. સદરહુ ઉપજમાંથી લોકોના આરોગ્યતા વગેરે સંભાળવાનું તથા રસ્તા બાંધવા, સંભાળવા, છાંટવા, દિવા બત્તી કરવી, કેળવણી આપવી વગેરેનું કામ કરે છે. એના ઉપર કલેક્ટર ને કમીશનરની દેખરેખ હોય છે.

લોકલબોર્ડ—આ ખાતામાં ખેડૂતો પાસેથી લોકલ ફંડ લેવાય છે, તથા સરકારની મદદ હોય છે. તેમાંથી તાલુકા ને જીલ્લાના રસ્તા બંધાવવાનું; તથા તળાવો, નહેરો ને કાંસ ખોદાવવા વગેરેનું કામ ઇજનેર ખાતા મારફતે કરાવે છે. તથા ગામડાંનાં છોકરાંને કેળવણી આપવાનું કામ કેળવણી ખાતા મારફત કરાવે છે. આ ખાતામાં મુખ્ય દેખરેખ કલેક્ટર ને મામલતદારોની હોય છે.

ન્યાય ખાતું—દીવાની ને ફોજદારી ગુન્હા ચુકવે છે. હાઇકોર્ટના તાબામાં જીલ્લા જડજ હોય છે, તેના હાથ તળે સબોર્ડિનેટ જડજો ને માજીસ્ટ્રેટો હોય છે. જીલ્લાજડજ—તે દિવાની ને ફોજદારી ભારે ગુન્હા ચુકવે છે. સબોર્ડિનેટ જડજો—હલકા દિવાની મુકરદમા એટલે લેણુદેણુ ને સ્થાવર મિલકતના દાવા ચુકવે છે. માજીસ્ટ્રેટો—એ રેવન્યુ ખાતાના અધિકારી હોય છે અને તે ફોજદારી હલકા ગુન્હા

ચુકવે છે. સ્માલકાઝકોર્ટો—સંયુદેખુના હલકા દાવા ચુકવે છે ને તે-નાપર અપીલ નથી.

કેળવણી ખાતું—પ્રાયમરી સ્કુલો, હાઇસ્કુલો, ને કાલેજોની મારફતે કેળવણી આપે છે. કાલેજોમાં ઉચા પ્રકારનું જ્ઞાન અપાય છે. આ ખાતામાં ડેપ્યુટીઓ, હેડમાસ્તરો, પ્રિન્સિપાલો અને એજ્યુકેશનલ ઇન્સ્પેકટર, તથા ડાયરેકટર સાહેબ મુખ્ય અધિકારી હોય છે.

પોષ્ટ ખાતું—કાગળો મનીઓર્ડરો ને બેગીઓ લઈ જવા લાવવાનું ને સેવીંગબેંકનું કામ કરે છે. આ ખાતામાં, પોષ્ટ માસ્તર, પોષ્ટ ઇન્સ્પેકટર ને પોષ્ટલ સુપ્રીન્ટેન્ડેન્ટ હોય છે.

દવાખાતું—ઘણા માંદા માણસને ઇસ્પિતાલમાં રાખી ઓસડ કરવાનું, સરકારી નોકરો ને ગરીબોને દવા આપવાનું, શિતળા ટાંકવાનું વગેરેનુ કામ કરેછે આ ખાતામાં મેડીકલ ડાકટરો ને સિવિલ સરજન હોયછે.

રેલવે ખાતું—માલ અને ઉતારૂઓને એક સ્ટેશનથી બીજે સ્ટેશને લઇ જવા લાવવાનુ તથા તારનુ કામ કરે છે. પણ સરકારી તારખાતું જુદુ હોય છે. આ ખાતામા સ્ટેશન માસ્તર, ટ્રાફીક મેનેજર ને રેલવે સુપ્રીન્ટેન્ડેન્ટ હોય છે.

લશ્કરી ખાતું—શત્રુથી દેશનુ રક્ષણ કરવાનુ ને રાજ્ય વધારવાનું કામ કરે છે આ ખાતા ઉપર કમાન્ડર ઇન ચીફ રહે છે.

ઉપર બતાવેલાં ખાતા પૈકી ઘણાં ખાતાં કમીશનરને કલેકટરના હાથ તળે છે. ને કેટલાકપર થોડી અથવા વધારે દેખરેખ છે. તેથી કમીશનરને પ્રાતનો ને કલેકટરને જીલાનો રાજા કહીએ તો ચાલે.

દેશી રાજ્યો.

ગુજરાતમાં દેશી રાજ્ય ઘણા છે તેમાં સૌથી મોટું રાજ્ય ગાયકવાડ સરકારનું છે. આ રાજ્યનો સંબંધ ગવર્નર જનરલ સાથે છે.

તેથી ત્યાં તેમની તરફથી એજંટ સાહેબ રહે છે. તેને એજંટ ટુ ધ ગવર્નર જનરલ કહે છે.

બીજાં બધાં દેશી રાજ્ય ઉપર મુંબાઇના ગવર્નર સાહેબ દેખરેખ રાખે છે. અને તે આપણા ઉત્તર પ્રાંતના કમીશનરના તાબામાં છે પણ કાઠિયાવાડ એજન્સીનો વહીવટ પોતાના ખાસ એજંટ મારફત ચલાવે છે. આ એજંટ સાહેબને એજન્ટ ટુ ધ ગવર્નર કહેછે. તેમના હાથ નીચે ચાર પોલીટીકલ એજન્ટો છે તે વાત કાઠીઆવાડમાં આવી છે.

દેશી રાજ્યને સંસ્થાન કહે છે. એવા ઘણાં સંસ્થાનના જથા કરી અંગ્રેજ સરકાર સંભાળ રાખે છે તેને એજન્સી કહે છે. એ એજન્સીના ઉપરી અધિકારીને એજન્ટ કે પોલીટીકલ એજન્ટ કહેછે

આપણા કમીશનર સાહેબના હાથ નીચેના દેશી રાજ્યો ઉપર દેખરેખ રાખનાર અધિકારીઓ નીચે મુજબ.

(૧) ખેડા જીલ્લાના કલેકટર સાહેબ ખેડામાં રહે છે અને ખંભાત સંસ્થાન ઉપર દેખરેખ રાખવાનું કામ કરે છે ત્યારે ખંભાતના એજંટ કહેવાય છે.

(૨) પચમહાલ જીલ્લાના કલેકટર સાહેબ ગોધરામાં રહે છે. અને પચમહાલ અને રેવાકાંઠા એજન્સીનું કામ કરે છે. તે વખત ત્યાંના એજન્ટ કહેવાય છે.

(૩) સુરત જીલ્લાના કલેકટર સાહેબ સુરતમા રહેછે. અને સુરત એજન્સીનુ કામ કરે છે ત્યારે તે ત્યાંના એજન્ટ કહેવાય છે.

(૪) પાલનપુર એજન્સી કોઇ કલેકટર સાહેબના હાથ નીચે નથી પણ ત્યાંના પોલીટીકલ એજન્ટ સાહેબ જુદા છે અને તે ડીસામાં રહે છે.

(૫) મહીકાંઠા એજન્સીમાં પણ પોલીટીકલ એજંટ સાહેબ જુદા છે. અને તે સાદરામા રહે છે.

(૬) જીલ્લામાં તાલુકદારી (નાનારાજાનાં) રાજ્ય હોય છે તેમનાપર કલેકટર દેખરેખ રાખે છે. તોપણ તેનો વહીવટ તાલુકદારી સેટલમેન્ટ ઓફીસર કરે છે.

પોલિટીકલ એજંટનું કામ.

રજવાડાઓમાં વાંધા પડે તેના ફેંસલા કરવાનું, એક એક જોડે લડતા તથા એક બીજાના મૂલક લૂટતા અટકાવવાનું, ખંડણી વસુલ કરવાનું ને ગાયકવાડ વગેરેની ખંડણી પહોંચાડવાનું; કોઇ રાજા બાળકુંવર મૂકીને મરણ પામે તો તે સંસ્થાન સભાળવાનું ને કુંવરને કેળવણી આપવાનુ કામ કરે છે

રાજ્યકીય ભાગ.

અંગ્રેજી મુલક.

ભાગ.	મુખ્ય શહેર.
૧ સુરત જીલ્લો...	સુરત ને રાંદેર.
૨ ભરૂચ જીલ્લો ..	ભરૂચ ને જંબુસર.
૩ ખેડા જીલ્લો...	ખેડા, નડિયાદ ને કપડવણંજ.
૪ પંચમહાલ.	ગોધરા ને દાહોદ.
૫ અમદાવાદ જીલ્લો.	અમદાવાદ ને વિરમગામ.

દેશી રાજ્યો.

૬ ગાયકવાડનો મુલક.	વડોદરા, ડભોઇને પાટણ.
૭ કાઠીયાવાડ એજન્સી.	રાજકોટ, નવાનગર, ભાવનગર, ધ્રાંગધ્રા ને જુનાગઢ.
૮ પાલણપુર એજન્સી.	પાલણપુર, ડીસા, રાધનપુર.
૯ મહિકાંઠા એજન્સિ.	સાદર ને ઇડર.

૧૦ રેવાકાંઠા એજન્સી.	નાંદોદ, બારિયાને લુણાવાડા.
૧૧ પંચમહાલ એજન્સી.	નારૂકોટ.
૧૨ સુરત એજન્સી.	વાંસદા, ધરમપુર ને સચીન.
૧૩ ખંભાત સંસ્થાન.	ખંભાત.

શહેરો વિશેની હકીકત.

અમદાવાદ—એ ગુજરાતની રાજધાનીનું શહેર સાબરમતીના કાંઠાપર છે, એમા રેશમી તથા કસબી કાપડ બને છે તથા વરાળયંત્રથી કાપડ વણવાનાં દીવાશળીનાં ને દળવાનાં કારખાનાં છે. નળવડે ઘેર ઘેર મીઠું પાણી મળે છે, ને મેલા પાણીને માટે જમીનમાં ગટર છે

સુરત—તાપીના કાંઠા ઉપર છે. એ અસલ નામીચું બંદર હતું ને અંગ્રેજોએ પહેલાં ત્યાં કોઠી કરી હતી. આ શહેરમા મીઠા પાણીના નળ છે.

ભરૂચ—નર્મદા કાંઠા ઉપર જુનું શહેર છે ને રૂના વેપારનું મથક છે.

વડોદરા—એ વિશ્વામિત્રીના કાંઠાપર ગાયકવાડની રાજધાનીનું શહેર છે તેમાં મીઠા પાણીના નળ છે.

પાટણ—સરસ્વતીના કાંઠાપર આગળ રજપૂત રાજ્યની રાજધાનીનુ શહેર હતું ને હાલ ગાયકવાડના તાબામાં છે. ત્યાંની સુડીઓ ને માટીનાં વાસણ વખણાય છે.

નડીયાદ—ખેડા જીલ્લામાં પહેલા નંબરનું વેપારનું મથક છે ત્યાંથી તબાકુ ઘણી ચડે છે.

રાંદેર—તાપીના કાંઠાપર મોટો કસ્બો છે. તેમાં મીઠા પાણીના નળ છે.

કપડવણજ—એમાં કાચ ને સાબુ બનાવવાનાં કારખાનાં છે.

ગોધરા—એ પંચમહાલમાં મોટું શહેર છે. ત્યાંથી વસાણું તથા ઇમારતી લાકડાં વગેરે માલ દેશાવર જાય છે.

ખંભાત—એ મહી નદીના મુખ આગળ જુનું શહેર છે. તેમાં નવાબ રહે છે. અહીંનું હકીમનું કામ બહુ વખણાય છે.

ભાગ ૨ જો.

ગુજરાતનું વિશેષ વર્ણન.

૧ સુરત જીલ્લો.

આ જીલ્લો ગુજરાતની છેક દક્ષિણે કીમ અને દમણગંગા નદીઓની વચ્ચે આવેલો છે. મુખ્ય પેંદાશ ડાંગર, જુવાર, શેરડી ને કેળાં. **પર્વત**—પારનેરા અને ડુંગરી. **નદીઓ**—૧ તાપી, ૨ કીમ, ૩ મીંઢોળા, ૪ પુર્ણા, ૫ અંબિકા, ૬ પાર, ૭ કોલક ને ૮ દમણગંગા.

તાલુકા.	મોટાં ગામ.	તાલુકા.	મોટાં ગામ.
૧. પારડી	પારડી	૫. બારડોલી	બારડોલી.
૨. વલસાડ	વલસાડ	૬. માંડવી	માંડવી.
૩. ચીકલી	ચીકલી	૭. ચોર્યાશી	સુરત.
૪. જલાલપોર	જલાલપોર	૮. ઓરપાડ	ઓરપાડ.

૨ ભરૂચ જીલ્લો.

આ જીલ્લો મહી અને કીમ નદીઓની વચ્ચે આવેલો છે, એના પૂર્વ ભાગને **કાનમ** ને પશ્ચિમ ભાગને **બારાં** કહે છે. કાનમમા રૂ સારૂં થાય છે. મુખ્ય પેંદાશ કપાસ, ઘઉંને જુવાર. **નદીઓ**—મહી, ઢાઢર, નર્મદા, ને કીમ. **જાત્રાનું ઠેકાણું**—શુકલતીર્થ.

તાલુકા.	મોટાં ગામ.	તાલુકા.	મોટાં ગામ.
૧ અંકલેશ્વર	અંકલેશ્વર, હાંસોટ.	૪ આમોદ	આમોદ.
૨ ભરૂચ	ભરૂચ.	૫ જંબુસર	જંબુસર.
૩ વાગરા	વાગરા. દેહેજ.		

૩ ખેડા જીલ્લો.

આ જીલ્લો મહી નદી અને અમદાવાદ જીલ્લાની વચ્ચે આવેલો

છે. એના કેટલાક ભાગને ચરોતર કહે છે. તેમાં તંબાકુ સારી થાયછે. મુખ્ય નિકાશ—તંબાકુ, અનાજ, કાચને સાબુ નદીઓ—મહી, વાત્રક, શેઢી, મેશ્વો, મહોર ખારી. જાત્રાનાં ઠેકાણાં...ડાકોર વડતાલ.

તાલુકા.	મોટાં ગામ.
૧ કપડવણજ	કપડવણજ.
૨ ઠાસરા	ઠાસરા, ડાકોર.
૩ નડિયાદ	નડિયાદ, મહુધા, વડતાલ.
૪ મહેમદાવાદ	મહેમદાવાદ, ખેડા,
૫ માતર	માતર.
૬ આણુંદ	આણુંદ, ઉમરેઠ.
૭ બોરસદ	બોરસદ.

વિશેષ હકીકત—લસુંદ્રામા ઉના પાણીના કુંડ છે ને કપડવણજમાં કાચ ને સાબુ બને છે.

૪ પંચમહાલ.

આ જીલ્લો રેવાકાંઠા એજન્સીમાં ખરિયાની પૂર્વે તથા પશ્ચિમે આવેલો છે, **નદી**—મહી. **પર્વત**—પાવાગઢ (એમાં કાળીકાનું દેરૂં છે.)

તાલુકા.	મોટા ગામ.
૧ ગોધરા	ગોધરા.
૨ કાલોલ	કાલોલ, ને હાલોલ.
૩ દાહોદ	દાહોદ, ને ઝાલોદ.

વિશેષ હકીકત—આ જીલ્લો આગળ સિંધીઆના તાબામાં હતો તે વખત ગોધરા, હાલોલ, કાલોલ, દાહોદ ને ઝાલોદ એ પાંચ પ્રગણાં હતાં તેથી તેને પંચમહાલ કહે છે. ગોધરા પાસે ઊંના પાણીના કુંડ છે. મુખ્ય નિકાશ—ઇમારતી લાકડાં, લાખ ને કાથો.

૫ અમદાવાદ જીલ્લો.

આ જીલ્લો વિસ્તારમાં ઘણો મોટો અને તાલુકા એક બધે નથી **નદીઓ**—સાબરમતી, હાથમતી, વાત્રક, મેશ્વો, માજુમ, ખારી, ભાદર, શેઢર, ગોમા, નીલકા ને ઉતાવળી. **તળાવ**—નળ સરોવર ખારૂં છે મુનસર, ગંગાસર (વિરમગામમાં) મલાવ (ધોળકામાં) કાંકરીઉ, ચંડોલા, ને મલેકસાબાનું (અમદાવાદ પાસે.) મુખ્ય નિકાશ—કપાસ, ગળી, ગોળ, રેશમીને સુતરાઉ કાપડ.

તાલુકા.	મોટાં ગામ.
૧ પ્રાંતીજ	પ્રાંતીજ, મોડાસા.
૨ વિરમગામ	વિરમગામ, પાટડી.
૩ ધોળકા	ધોળકા, કોઠ.
૪ દસક્રોઈ	અમદાવાદ.
૫ ધંધુકા	ધંધુકા, ધોલેરા, ભીમનાથ.
૬ સાણંદ	સાણંદ, સરખેજ.
૭ ઘોઘા	ઘોઘા.

વિશેષ હકીકત—પાટડી પાસે વગાગડુ મીઠું થાય છે, કોઠ ને ભીમનાથમાં જાત્રા ભરાય છે ને ધોલેરા રૂના વેપારનું મથક છે.

૬ કાઠિયાવાડ.

એ ગુજરાતના પશ્ચિમ ભાગમાં છે, એને સોરઠ પણ કહે છે. **પર્વત**—ચોટીલા, વાલાકગીર, શેત્રુંજો, ગિર, ગિરનાર, બરડો. **નદીઓ**—ભાદર શેત્રુંજી, મચ્છુ, આજી ને ફલકુ વગેરે. **બંદર**—ભાવનગર, મહુવા, જાફરાબાદ, દીવ, વેરાવળ, માંગરોળ, નવીબંદર, પોરબંદર, દ્વારકા, નવાનગર ને બેડીઆ. **જાત્રાનાં ઠેકાણાં**—દ્વારિકાં, સોમનાથ, ગિરનાર પાલીતાણાને ગઢડા **મુખ્ય અધિકારી**—એજન્ટ ટુ ધ ગવર્નર રાજકોટમાં રહે છે. તે ગવર્નર સાહેબ સાથે પરભાર્યો વ-

વહાર રાખે છે. તેમના હાથ નીચે નીચેના ચાર પોલિટિકલ એજંટ છે.

ભાગ.	પોલિટિકલ એજન્ટની કચેરી.	પહેલા વર્ગનું રાજ્ય.
૧ ઝાલાવાડ (ઉત્તરમાં)	વઢવાણ.	ધ્રાંગધ્રા.
૨ ગોહિલવાડ (પૂર્વમાં)	સોનગઢ.	ભાવનગર.
૩ સોરઠ (દક્ષિણમાં)	માણેકવાડા.	જુનાગઢ.
૪ હાલાર (પશ્ચિમમાં)	રાજકોટ.	નવાનગર,

ઉપરના ચાર પ્રાંત નીચેના દશ પરગણાંમાંથી કરેલા છે.

પરગણાં. **મુખ્ય રાજ્ય.**

૧ **ઝાલાવાડ**—ધ્રાંગધ્રુ, લીંબડી, વઢવાણ.

૨ **ગોહીલવાડ**—ભાવનગર, પાલીતાણા.

૩ **ઊંડસરવૈયાવાડ**—દાઠા, ગણુંધાલ.

૪ **બાબરીયાવાડ**—જાફરાબાદ.

૫ **કાઠીયાવાડ**—અમરેલી (ગાયકવાડી) જેતપુર.

૬ **સોરઠ**—જુનાગઢ.

૭ **બરડો**—પોરબંદર.

૮ **હાલાર**—નવાનગર, ગોંડળ, રાજકોટ.

૯ **મચ્છુકાંઠો**—મોરબી ને માળીયા છે.

૧૦ **ઓખામંડળ**—દ્વારિકા, કચ્છીગઢ.

૭ પાલણપુર એજન્સી.

(આ એજન્સી ગુજરાતની ઉત્તરમાં છે.)

નદીઓ—બનાસ, સરસ્વતી ને નીમરાણી. **પર્વત**—શિરોહના ડુંગર. **અધિકારી**—પોલિટિકલ એજન્ટ ડીસામાં રહે છે.

સંસ્થાનો.

મુસલમાની—૧ પાલણપુર, ૨ રાધનપુર, ૩ વરાઈ, ૪ મોરવાડા.

રજપુતનાં—૫ થરાદ, ૬ વાવ, ૭ સુઇગામ, ૮ દેતદર, ૯ મોરવાડ ને વાંતલપુર. **કોળીનાં**—૧૦ ભાભર, ૧૧ કાંકરેજ.

વિશેષ હકીકત—ડીસામાં અંગ્રેજી લશ્કરની છાવણી છે.

૮ મહિકાંઠા એજન્સી.

એ એજન્સી ગુજરાતના ઇશાન ખુણામાં છે ને તેનાં ગામ અમદાવાદ ને ખેડા જીલ્લા સાથે શેળભેળ છે. **પર્વત**—આરાસુરનો. તે ઉપર અંબાજીનું દેરૂ છે **નદીઓ**—સાબરમતી, વાત્રક, ખારી, મેશ્વો ને માજુમ. **જાત્રાનાં ઠેકાણાં**—અંબાજી, શામળાજી ને ખેડબ્રહ્મા.

પ્રગણાં.	મુખ્ય સંસ્થાન.
૧ નાની મારવાડ	ઇડર, દાંતા.
૨ રેવર	મોહનપુર.
૩ સાબરકાંઠો	માણસા ને પેથાપુર.
૪ વાત્રકકાંઠો	આમલિયારા ને ઘોડાસર.
૫ બાવીશી	વાસણા ને માહિસા.
૬ કટોસણ	જેટાણા.

વિશેષ હકીકત—ઇડરનું સંસ્થાન મુખ્ય છે. એની પાસે અહમદનગર ને દાંતામાંથી પથ્થર નીકળે છે. અને મોહનપુર સંસ્થાનના અડપોદરા ગામ પાસે અબરખની ખાણો છે.

૯ રેવાકાંઠા એજન્સી.

(આ એજન્સી ગુજરાતની પૂર્વમાં છે.)

ભાગ—૧ સંખેડામેવાસ, ૨ પાડુમેવાસ. **પર્વત**—રાજપીપળા એમાંથી અકીક જડે છે. **નદીઓ**—મહી, નર્મદા, પુનેમ, ગોમા, હાડર, વિશ્વામીત્રી. **અધિકારી**—પંચમહાલનો કલેકટર.

મોટાં સંસ્થાન.

૧ રાજપીપળા, (નાંદોદ.) ૨ છોટાઉદેપુર, ૩ બારીઆ, ૪ લુ-

ણાવાડા, ૫ સુથ, ૬ વાડાસીનોર (એમાં મુસલમાની રાજ છે.)

નિકાશ—ઇમારતી લાકડું ને કરિયાણું વગેરે.

૧૦ પંચમહાલ એજન્સી.

એ એજન્સી પાવાગઢની પાસે આવેલી છે. એમાં કોળીનાં ઘણાં નાનાં સંસ્થાન છે, તેમાં મુખ્ય નારૂકોટ છે. અધિકારી—પંચમહાલનો કલેકટર અંગ્રેજ સરકાર તરફથી વહીવટ કરે છે ને વખતે તે ગવર્નરનો એજંટ કહેવાય છે.

૧૧ સુરત એજન્સી.

એ એજન્સી ગુજરાતની દક્ષિણે છે. તેના ઉપર સુરતનો કલેકટર દેખરેખ રાખે છે. નદીઓ—કાવેરી, અંબીકા, દમણગંગા વગેરે. જાત્રાનું ઠેકાણું—(વાસદા સંસ્થાનમા) દેવકી ઉનાઇ, એમાં ઊના પાણીના કુંડ છે. સંસ્થાનો—૧ વાંસદા, ૨ ધરમપુર, (રામનગર), ૩ સચીન. ટીકા—સચીન સંસ્થાનના ભાગ બીજાંની તાલુકામાં વેરાતાં છે. નિકાશ—ઇમારતી લાકડું ને શીશમ.

૧૨ ખંભાત સંસ્થાન.

મુખ્ય શહેર—ખંભાત—મહી નદીના મુખ આગળ ઘણું જુનું શહેર છે તેમાં નવાબ રાજ કરે છે, ને ખેડાનો કલેકટર દેખરેખ રાખે છે તથા બોરસદનો મામલતદાર ખંડણી વસુલ કરે છે.

૧૩ ગાયકવાડી મુલક.

એ રાજ્ય એક ઠેકાણે નથી પણ ગુજરાતના ઘણા ભાગમા છુટું છુટું છે. તેના મુખ્ય ચાર જથા થઇ શકે છે.

૧ ઉત્તર તરફનો ભાગ—એમાં પાટણ,સિદ્ધપુર,વડનગર,વગેરેછે.

૨ પશ્ચિમ ભાગ—(ઓખામંડળ) દ્વારકા, અમરેલી, વગેરે છે.

૩ મધ્ય ભાગ—વડોદરા, ડભોઇ, સોજીત્રા, પેટલાદ વગેરે છે.

૪ દક્ષિણ ભાગ—નવસારી, ગણદેવી, વગેરે છે.

મુખ્ય શહેર—વડોદરા. એ ગાયકવાડ સરકારની રાજધાનીનું શહેર વિશ્વામિત્રી નદીના કાંઠાપર છે, તેમાં અંગ્રેજી લશ્કર ને એજન્ટ ટુ ધ ગવર્નર રહે છે. આ દેશી રાજ્યમાં કેળવણી ખાતું છે તે ઘણુંજ સારૂં કામ કરે છે. આ શહેરમાં નળવડે લોકને પાણી પુરૂં પાડવામાં આવેછે.

ટીકા—ગાયકવાડનો કેટલોક ભાગ ખાનદેશ જીલ્લાને લગતો છે. તેમાં મુખ્ય વજપુર છે.

ભાગ ૩ જો.

બીજા પ્રાંતો.

૨. કચ્છ.

સીમા—ઉતરે અને પૂર્વે રણ; દક્ષિણમાં કચ્છનો અખાત; પશ્ચિમે અરબી સમુદ્ર **પર્વત**—એમાં ડુંગરની ત્રણ મુખ્ય હારો છે. ૧ઉત્તર ધાર એમાં કાળો, ૨ મધ્ય ધાર એમાં ધીણોધાર, ૩ ચાડવા **નદીઓમાં**—નાગમતી, રૂકમાવતી, અને ખારી, એ ત્રણ વહેળા જાણવા લાયકછે. **ભાગ**—એમાં ૧૨ પ્રગણાં છે. પાવર, મિયાની, અબ્રો, પચ્છમ, ખડિર, પ્રાંથળ, વાગડ અંજાર ચોવીશી, ભુચડ ચોવીશી, હાલા ચોવીશી, કાઠી, મોડાસા, અબડાસા, કંડ, ગરડો ને માક.

શહેર.

ભુજ—રાજધાનીનું શહેર–રાવશ્રી ખેંગારજીએ ઇ. સ. ૧૬૦૫ માં બંધાવ્યું. આંના રાજા જાડેજા રજપૂત છે. ત્યાંનું સોના રૂપાની કોતરણીનું તથા ભરત કામ વખણાયછે. પોલીટીકલ એજન્ટ એમાં રહેછે.

માંડવી—એ મોટામાં મોટું બંદર, તેમાં દીવાદાંડી છે. ને આ પ્રાંતમાં બીજા નંબરનું શહેર છે.

એ શિવાય—અંજાર, રાપર, અધોઇ ને કંથકોટ વગેરે કસબા જાણવા લાયક છે.

બંદરો—માંડવી, લખપત, જખૌ, મુદ્રા અને તુણ્ણા વગેરે.

નિકાશ—અનાજ, તેલીબીઆં, રૂ, ઊન, મીઠું, ઢોર (ઘોડા, ગાય, ભેંસ.) વગેરે.

વિશેષ હકીકત—આ પ્રાંતમાં સુરોખાર, ફટકડી અને પ્રા-મણાની ખાણો છે. કચ્છી ઘોડા વખણાય છે, અને સોના રૂપાની કારીગરીની વસ્તુઓ અંગ્રેજ લોકો પણ પસંદ કરે છે.

૩ સિંધ.

સિંધુ નદીને કાંઠે વસનારાને સિંધી કહે છે ને તેમના મુલકને સિંધ કહે છે. તેની **સીમા** ઉત્તરે બલુચિસ્તાન ને પંજાબ; પૂર્વે જેસલમીરનું રણ ને રજપૂત સંસ્થાન; દક્ષિણે કચ્છનું રણ ને અરબીસમુદ્ર; પશ્ચિમે હાલાપર્વત ને તેની પેલીમેર બલુચિસ્તાન. **નદી** સિંધુ તથા તેની નહેરો આ નદીનું મૂળ હિમાલયમાં છે ને પર્વત ઉપર ચોમાસામાં ઘણો વરસાદ વરસવાથી ને ઉનાળામાં બરફ ઓગળવાથી સિંધુ નદીમાં ઉપરની બંને ઋતુ પૂર આવે છે. આ નદી આઘેથી માટી ઘસડી લાવી દેશને રસાળ કરે છે. તેથી સિંધુની આસપાસના કિનારાપર પાક સારો થાય છે તથા તે નદીમાં શિકારપુર સુધી આગબોટો ચાલી શકે છે તેથી વેપારની સુગમતા છે. બાકીનો ભાગ ઉજડ ને મેદાન વાળો છે. **રણ** થરપારકર-એમાં પાણીની તંગી છે. **પર્વત**-હાલા પશ્ચિમે છે, તેમાં થઇ બલુચિસ્તાનમાં જવાનો રસ્તો છે તેને બોલનઘાટ કહે છે. **સરોવર** મંચર **ભૂશીર** સશમોરારી. **બંદર** કરાંચી ને શાહબંદર.

લોક ભાષા ને ધર્મ—આ પ્રાંતમાં ૨૦ લાખ માણસની વસ્તી છે તેમા ⅞ મુસલમાન છે શહેરોમાં હિંદુને ગામડાઓમાં મુસલમાનો રહે છે, મુખ્ય ભાષા-સિંધી પણ પશ્ચિમે બલુચિભાષા બોલાય

છે. જાત્રાનું ઠેકાણું—હીંગળાજ એ કરાંચીની પશ્ચિમે આવેલું છે. ને તેમાં માતાનું ધામ છે.

વેપાર—ડાંગર, જુવાર, ને બાજરી પાકે છે તે આ દેશમાં ખપે છે અને ઘઉં, તેલીબીઆં, રૂ, ને ગળી યુરોપમાં જાય છે. **રેલવે**—કરાંચીથી કોટ્રી થઇને પંજાબમાં જાય છે તેની એક શાખા રુક (રૂક) જંક્સનથી શીકારપુરને જેકબાબાદ થઇને બોલનઘાટની ઉત્તરમા થઇને બલુચિસ્તાનમાં જાય છે. **હવાપાણી**—ગરમને સુકાં છે વરસાદ થોડો વરસે છે. દક્ષિણ ભાગની હવા રોગી છે. આ પ્રાંતના મુખ્ય અધીકારીને કમીશનર કહે છે.

અંગ્રેજી મુલક.

જીલ્લા.	મુખ્ય શહેર.
૧ ઉત્તર સરહદ જીલ્લો.	જેકબાબાદ.
૨ સખર જીલ્લો.	સખર, શિકારપુર ને રોરી.
૩ લાડકાણા જીલ્લો.	લાડકાણા, મેહર ને સેવણ.
૪ કરાચી જીલ્લો.	કરાચી, કોટ્રી, ટ્ટ્ટા ને શાહબંદર.
૫ હૈદ્રાબાદ જીલ્લો.	હૈદ્રાબાદ, ડો, હાલાને નૌશહેરો ફિરોઝ.
૬ થરપારકર જીલ્લો.	ઉમરકોટ.

દેશી રાજ્ય.

૭ ખૈરપુર સંસ્થાન.	ખૈરપુર.

શહેરોની હકીકત.

હૈદરાબાદ—એ સિંધુના કાંઠાપર છે. શેતરંજી, રેશમી ને સુવર્ણ કાપડ, માટીનાં વાસણ ને ચામડાની વસ્તુને માટે વખણાયછે.

કરાંચી—સિંધ અને પંજાબના વેપારનું મોટું બંદર છે. એમાં

સુતરાઉ કાપડ, માટીનાં વાસણ ને કામળા બને છે. તે સિંધમાં મોટામાં મોટું શહેર છે.

સક્કર—સિંધુના કાંઠાપર બોલનઘાટ સાથે વેપારનું મથક છે.

ઉમરકોટ—થરપારકરનું મુખ્ય શહેર તથા અકબર બાદશાહ જન્મ્યો હતો.

ખેરપુર—એ દેશીરાજ મીરઅલી મુરાદના તાબામાં છે.

શિકારપુર—વેપારનું સ્થળ છે.

૪. મહારાષ્ટ્ર.

આ પ્રાંતમાં સહ્યાદ્રી પર્વત વચ્ચે આવવાથી દક્ષિણ અને કોકણ એવા બે ભાગ એના થાય છે.

દક્ષિણ.

સીમા—ઉત્તરે સાતપુડા પુર્વે-મધ્ય પ્રાંતો ને નિજામનું રાજ્ય દક્ષિણે-દક્ષિણ મહારાષ્ટ્ર, પશ્ચિમે-સંહ્યાદ્રી પર્વત, ને ગુજરાતનો ભાગ. **પર્વત**—સંહ્યાદ્રી ને સાતપુડા. **નદીઓ**—તાપી, ગોદાવરી, ભીમા કૃષ્ણા, સીના, નીરા મુળામુઠા, ગીરણા, પાંજરા ને વારણા. **જાત્રાનાં ઠેકાણાં**—નાશિક, ત્ર્યંબક ને પંઢરપુર. **હવા ખાવાની જગાઓ**—મહાબળેશ્વર, માથેરાન ને ખડાળા.

અંગ્રેજી મુલક.

ભાગ.	મુખ્ય શહેર.
૧ ખાનદેશ જીલ્લો................	ધુળીઆ, માલેગામ. નદુરબાર.
૨ નાશિક જીલ્લો..................	નાશિક, ત્ર્યંબક.
૩ અહમદનગર જીલ્લો............	અહમદનગર.
૪ પુણા જીલ્લો......................	પુણા.

૫ સતારા જીલો.................... સતારા.
૬ સોલાપુર જીલ્લો.................સોલાપુર.

દેશી રાજ્ય

૭ ખાનદેશ એજન્સી............ડાંગ, સલગણ ને મેવાસી પરગણાં, એવા ત્રણ ભાગ છે.
૮ પેઠ સંસ્થાન.......................પેઠ
૯ અકલકોટ સંસ્થાન.............અકલકોટ.
૧૦ સતારા જાગીર ....ભોર, ફલટન, ઔંધ ને જત.

શહેરો વિશે હકીકત.

ધુળીઆ—પાંજરા નદી ઉપર ખાનદેશનું મુખ્ય શહેર છે.

માલેગામ—ગીરણા નદી ઉપર છે.

નાશિક અને ત્ર્યંબક—ગોદાવરીના કાંઠાપર જાત્રાનાં ઠેકાણાંછે,

અહમદનગર—સીના નદી ઉપર કિલ્લો છે, આગળ મુસલમાની રાજ્યની રાજધાની હતું.

પુણા—મુળામુઠા નદી ઉપર પેશ્વાની રાજધાનીનું શહેર છે. મુંબાઇનો ગવર્નર ચોમાસામાં ત્યાં રહે છે, તથા કાગળ બનાવવાનું કારખાનું છે.

સતારા—એ શહેરમાં પહેલાં શિવાજીના વંશજો રાજ કરતા હતા.

સોલાપુર—હૈદરાબાદ સાથેના વેપારનું મથક છે.

પંઢરપુર—ભીમા નદી ઉપર, તેમાં વિઠ્ઠલનાથજીનું દેરું છે અને ત્યાં જાત્રા ભરાય છે

નિકાશ—અનાજ, રૂ, શણ, શેરડી, તમાકુ, ઇમારતી લાકડાં મધ, મહુડાં, લાખ, કાગળ ને સુરોખાર.

૪ કોંકણ.

સીમા—ઉત્તરે ગુજરાત; પૂર્વે સંહ્યાદ્રી પર્વત; દક્ષિણે ગોવાનું

રાજ્ય; અને પશ્ચિમે અરબી સમુદ્ર. **પર્વત**—સંહ્યાદ્રી. **સમુદ્ર**—અરબી. **બંદર**—મુંબાઇ, રત્નાગીરી. **બેટ**—સાષ્ટી, મુંબાઈ, ધારાપુરી ને વસાઈ.

ઇંગ્રેજી મુલક.

ભાગ.	**મુખ્ય શહેર.**
૧ થાણા જીલ્લો … …	…થાણા, વાંદરા, કલ્યાણ.
૨ મુંબાઈ બેટ (જીલ્લો છે.)……	મુંબાઈ.
૩ કોલાબા જીલ્લો… … …	…અલીબાગ.
૪ રત્નાગીરી જીલ્લો… … …..	રત્નાગીરી.

દેશી રાજ્યો.

૫ જવાર સંસ્થાન… … …	…જવાર.
૬ જંજીરા સંસ્થાન… … …	…જંજીરા ને જાફરાબાદ. (કાઠિયાવાડમાં)
૭ સાવંતવાડી સંસ્થાન … …	સાવંતવાડી.

શહેરો વિશે હકીકત.

થાણા—એ શહેર સાષ્ટી બેટમાં છે.

કલ્યાણ—એ શહેર આગળ મુંબાઇથી જનારી રેલવેના બે ફાટાં પડી એક નાશિક થઇ અલાહબાદને કલકત્તા ભણી જાય છે. બીજો પુના તથા સોનાપુર થઇને મદ્રાસ જાય છે.

મુંબાઇ—એ ઇલાકાની રાજધાનીનું શહેર છે. તેમાં ગવર્નર રહેછે.

એ શિવાય—**સાવંતવાડી** એ મરેઠાનું, અને **જંજીરા** એ હબસીનું (દેશી રાજ્યમાં) શહેર છે.

નિકાશ—ચોખા, નાગલી નાળીએર, સોપારી, મીઠું અને લાકડાંનીછે.

૫ દક્ષિણ મહારાષ્ટ્ર ને ઉત્તરકાનડા.

સીમા—ઉત્તરે મહારાષ્ટ્ર; પૂર્વે નિજામનું રાજ્ય ને મદ્રાસ ઇ-

લાકો; દક્ષિણે મહિસુર, ને મદ્રાસ; પશ્ચિમે અરબી સમુદ્ર, ગોવાને કોકણ.
પર્વત—સંહ્યાદ્રી. નદીઓ—ભીમા, કૃષ્ણા, ઘટપ્રભા, મલપ્રભા, પં-
ચગંગા, તુંગભદ્રા, વર્ધા ને વારણા. બંદર—કારવાડ, કુમટે ને હોનાવર.

અંગ્રેજી મુલક.

ભાગ.	મુખ્ય શહેર.
૧ કલાદગી જીલ્લો..........	કલાદગી, બાલકોટ, વિજાપુર.
૨ બેલગામ જીલ્લો..........	બેલગામ.
૩ ધારવાડ જીલ્લો..........	ધારવાડ ને હુબળી.
૪ ઉત્તરકાનડા જીલ્લો........	કારવાડ, કુમટે ને હોનાવર.

દેશી રાજ્ય.

૫ કોલાપુર સંસ્થાન...	...કોલાપુર.
૬ સાવનુર સંસ્થાન...	...સાવનુર.
૭ દક્ષિણ મરેઠા જાગીર...	સાંગલી, મીરજ, જમખંડી, કરૂંદ-વાડ, મુધોળ ને રામદુર્ગ.

શહેરો વિશે હકીકત.

બાલકોટ—વેપારનું મથક છે.

વિજાપુર—આગળ મુસલમાની રાજ્યની રાજધાનીનું શહેર હતું.

હુબળી—સુતરાઉ ને ઊનનાં કાપડ ને માટે પ્રખ્યાત છે.

કારવાડ—એ આ ઇલાકામાં ત્રીજા નંબરનું મોટું બંદર છે.

કોલાપુર—એમાં શિવાજીના વંશની શાખાનું રાજ્ય છે.

મીરજ—સારંગી અને તંબુરા સારા બને છે.

મંગળવાડા—એ પંઢરપુર પાસે ભીમા નદીના કાંઠાપર.

શિરહટી—એ તુંગભદ્રાને કાંઠે સાંગલી સંસ્થાનનું બીજું શહેરછે.

નિકાશ—અનાજ, રૂ, ઇમારતી લાકડાં ને ધાતુનો સામાન.

ભાગ ૪ થો.

મુંબાઈ ઈલાકાનું સામાન્ય વર્ણન.

સ્વરૂપ.

સીમા—ઉત્તરે બલુચિસ્તાન ને પંજાબ; પૂર્વે રજપુત સંસ્થાન, માળવા, મધ્ય પ્રાંત, નિઝામનું રાજ્ય અને મદ્રાસ ઇલાકો; પશ્ચિમે અરબી સમુદ્ર અને હાલા પર્વતની પેલીમેર બલુચિસ્તાન. **અખાત**—કચ્છનો ને ખંભાતનો અરબી સમુદ્રના ફાંટા છે. **દ્વીપકલ્પ**—કાઠિયાવાડ. **ભૂશીરો**—રાસમુવારી (કરાંચી પાસે) જગત પોઇંટ (દ્વારકા પાસે) દીવ (કાઠિયાવાડની દક્ષિણે) કેપરામાસ (ગોવાની દક્ષિણે) **બેટ**—બેટ (દ્વારકા પાસે) ગોપનાથ, પીરમ, મુંબાઇ, વસાઇ, ઘારાપુરીને સાષ્ટી **ક્ષેત્રફળ**—આ ઇલાકામાં ૧૨૫૦૦૦ ચોરસ મૈલ જમીન છે. **પર્વતો**—સહ્યાદ્રિ (પશ્ચિમઘાટ) સાતપુડા, પાવાગઢ, આરાસુર, આબુ, શેત્રુંજો, ગિર, ગિરનાર ને હાલા. આ ઇલાકાના દક્ષિણ ભાગમાં પશ્ચિમ કિનારાને લગતો સહ્યાદ્રિ પર્વત આવેલો છે તેથી દક્ષિણના ઉચ્ચ પ્રદેશનો ઢાળ પૂર્વ તરફનો ને કોકણની સાંકડી પટીનો ઢાળ પશ્ચિમનો છે. ગુજરાતની ઉત્તર અને પૂર્વમાં ડુંગર આવેલા છે તેથી તેનો ઢાળ દરિયા તરફનો છે. સિંધનો ઢાળ દક્ષિણનો છે. અને કચ્છ તથા કાઠિયાવાડના મધ્ય ભાગમાં ડુંગરા છે તેથી તેનો ઢાળ બધી દિશાઓમા છે. આ પર્વતમાંથી નીકળનારી નદીઓ ઉંચાણ વાળા મુલકમાંથી નીચાણવાળા મુલકમાં જતાં દેશને રસાળ કરેછે.

નદીઓનાં મુખ (નીચાણ બતાવે છે)

કચ્છનારણમાં—બનાસ, સરસ્વતી, રૂપેણ, મચ્છુ ને આજીનાં

અરબી સમુદ્રમાં—સિંધુ, ભાદર ને તાપીનાં.

ખંભાતના અખાતમાં—સાબરમતી, મહી, ઢાઢર, નર્મદા, શેત્રુજી અને શુકભાદરનાં.

બંગાળાના ઉપસાગરમાં—ગોદાવરી અને કૃષ્ણાનાં.

ભીમાને—સીના, નીરા અને મુળામુઠા મળે છે.

કૃષ્ણાને—ભીમા, પંચગંગા, ઘટપ્રભા, મલપ્રભા, અને વારણા મળે છે.

નદીઓ વિષે હકીકત.

૧ **સિંધુ**—હિમાલયમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે, એને કાંઠે મિથનકોટ, સક્કર, બક્કર, શેરી, હૈદ્રાબાદ, કોટ્રી, ઠઠ્ઠા, મીઆણી, અને કરાચી છે.

૨ **ભાદર**—મદાવનના ડુંગરમાંથી નીકળીને અરબીસમુદ્રને મળેછે. એને કાંઠે જસદણ, જેતપુર, ધોરાજી અને નવીબંદર છે.

૩ **બનાસ**—શિરોહના ડુંગરમાંથી નીકળી કચ્છના રણને મળે છે. એને કાંઠે ડીસા અને પાલણપુર છે.

૪ **સરસ્વતિ**—શિરોહના ડુંગરમાંથી નીકળી કચ્છના રણને મળે છે એને કાંઠે દાંતા, સિદ્ધપુર અને પાટણ છે.

૫ **મચ્છુ**—ચોટીલાના ડુંગરમાંથી નીકળી કચ્છના રણને મળે છે. એને કાંઠે વાંકાનેર, મોરબી ને માળીઆ છે.

૬ **શેત્રુંજી**—ગિર પર્વતમાંથી નીકળી ખંભાતનાઅખાતને મળે છે. એને કાંઠે ધારી પાલીતાણા ને તળાજાછે.

૭ **સાબરમતી**—મેવાડના ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે. એને કાંઠે અમદાવાદ; સાદ્રા ને પેથાપુરછે.

૮ **મહી**—માળવાના ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે. એને કાંઠે પાલી લુણાવાડા ને ખંભાત છે.

૯ ઢાઢર—રેવાકાંઠાના ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે. એને કાંઠે ટંકારી બંદર છે.

૧૦ **નર્મદા**—સાતપુડા પર્વતમાંથી નીકળી ખભાતના અખાતને મળે છે. એને કાંઠે ચાણોદ કન્યાળી, નાંદોદ, શીનોર અને ભરૂચછે.

૧૧ **તાપી**—સાતપુડા પર્વતમાંથી નીકળી ખભાતના અખાતને મળે છે. એને કાંઠે માંડવી, સુરત અને રાંદેર છે.

૧૨ **ગોદાવરી**—નાશિક પાસેના સહ્યાદ્રી પર્વતમાંથી નીકળી બંગાળી ઉપસાગરને મળે છે. એને કાંઠે નાશિક ને ત્ર્યંબક છે.

૧૩ **ભીમા**—સંહ્યાદ્રી પર્વતમાંથી નીકળી કૃષ્ણાને મળે છે. એને કાંઠે પંઢરપુર છે.

૧૪ **કૃષ્ણા**—સંહ્યાદ્રી પર્વતમાંથી નીકળી બંગાળી ઉપસાગરને મળે છે. એને કાંઠે સતારા, સાંગલી, મીરજ અને કરૂંદવાડ છે.

૧૫ **નીરા**—સંહ્યાદ્રી પર્વતમાંથી નીકળી ભીમાને મળે છે. એને કાંઠે ભોર અને ફલટન છે.

હવા પાણી—સિંધ ગરમ ને સૂકો પ્રદેશ છે, તેના ઉપલા ભાગમાં તાપ વધારે પડેછે ને વરસાદ ૩ થી ૧૦ ઇંચ સુધી વરસે છે; પણ સિંધુ નદીમાં રેલ આવે છે તેથી કેટલોક ભાગ રસાળ છે. કચ્છ દરિયાનો મુલક છે ત્યાંની હવા સાધારણ છે. તેમાં વરસાદ ૧૦ થી ૨૦ ઇંચ સુધી વરસે છે. ગુજરાતને દક્ષિણમાં કચ્છના કરતાં ટાઢ ને તાપ વધારે પડે છે વરસાદ ૨૦ થી ૩૦ ઇંચ સુધી પડે છે ને તે નૈરૃત્ય કોણમાંથી આવે છે પશ્ચિમ ઘાટની આખુ બાજુ ૮૦ ઇંચ સુધી વરસાદ પડે છે તેથી તે ભાગની હવા ઠંડી રહેછે **હવા ખાવાની જગાઓ**—આબુ, માથેરાન (મુંબાઇ પાસે) ને મહાબળેશ્વર (સતારાની વાયવ્યકોણમાં.)

લોક ભાષાને ધર્મ—વસ્તી લગભગ બે કરોડ માણુસની છે તેનો ૧/૮ ભાગ મુસલમાન છે ૮૦ હજાર પારસીઓ છે તે જરસ્તોરતી ધર્મ પાળે છે ખ્રિસ્તિ ને યાહુદી થોડા છે. દર ચોરસ મૈલે ૧૬૦ માણુસ વસે છે. સિંધમાં સિંધી. ખંભાતના અખાતની આસપાસ ગુજરાતી. મુંબાઇની આસપાસ મરેઠી અને આ ઇલાકાના છેક દક્ષિણ ભાગમાં કાનડી ભાષા બોલાય છે. **જાત્રાનાં ઠેકાણાં**—દ્વારકાં, સોમનાથ, ડાકોર, અંબાજી, બહુચરાજી, સીદ્ધપુર, શાંમળાજી, ખેડબ્રહ્મા, રૈવાજી (ચાંણોદ કન્યાળી) નાશિક, પંઢરપુર; વડતાલ, ગઢડા એ હિંદુનાં. ગિરનાર આબુ ને પાલીતાણા એ શ્રાવકનાં. ઉદવાડા પારસીનું.

પેદાશ—મુખ્ય પેદાશ અનાજ (ડાગર, બાજરી, ઘઉ, જુવાર, ને કઠોળ) કપાસ, ને *તેલબીઆંની છે. સિંધુદ્રિના પશ્ચિમકાંઠાપર નાળીએરીનાં ઝાડ ઘણાં છે તથા ડાંગરપણ ઘણી પાકે છે. ડુંગરોમાં ઇમારતી લાકડાં, લાખ મધ થાય છે ભરૂચ, ખાનદેશ, ધારવાડ ને કલાદગી જીલ્લામાં કપાસ થાય છે.

વેપાર—રૂ, અફીણ, તેલીબીઆં, ઘઉ, સુતરાઉ કાપડ, ઉન, પરદેશ ખાતે જાય છે. અફીણ માળવામાંથી આવે છે ને ચીન તરફ જાય છે. તેના બદલામાં કાપડ, ધાતુઓ, સાચાકામ, ફનીચર કાગળ, દારૂ ને દવાઓ આવે છે.

બંદરો—મુંબાઇ, કરાંચી, કારવાડ, માંડવી, પોરબંદર, જાફ્રાબાદ ઘોઘા, ભાવનગર, ખંભાત, ભરૂચ, સુરત વલસાડ, દમણ, રત્નાગિરી, વિજયદુર્ગ, ગોવા, ને હોનાપર તેમાં મુંબાઇ, કરાંચીને કારવાડ મુખ્ય છે. આ બંદરોમાં મુંબાઇ એ એશિયા ખંડમાં મોટામાં મોટું બંદર

---

* તલ, દીવેલ, સરસવ, અળશી, ખસખસ, મગફળી, વગેરે જેનાથી તેલ નીકળે છે તે.

છે. તેનો પરદેશ સાથેનો વેપાર ૮૫ કરોડનો છે તેમજ આ ઇલાકામાં આવેલાં બીજાં બંદરો પણ વેપાર ચલાવે છે.

રેલવે—૧ ધી ઇંન્ડીઅન પેનીનસુલા રેલવે તેની એક શાખા મુંબાઇથી કલકત્તા તરફ તે બીજી શાખા મદ્રાસ તરફ ગએલી છે. ૨ બામ્બે બરોડા રેલવે એ મુંબાઇથી નીકળી ગુજરાતમાં ફેલાએલી છે. ૩ વાઅ પ્રુષ્ણાની રેલવે તે કરાંચીથી દીલ્હી જાય છે. ૪ દક્ષિણ મરેઠા રેલવે તે મુંબાઇ ઇલાકા દક્ષિણ ભાગમાં છે.

રાજનીતિ—આ ઇલાકાના સૌથી મોટા ઉપર અધિકારીને ગવર્નર કહે છે તેના હાથ નીચે તેને મદદ કરવાને બે કાઉન્સીલો છે તેમાંની એક રાજ ચલાવવામાં ને બીજી કાયદા બાંધવામા મદદ કરે છે **પ્રાંત**–૧ સિંધ, ૨ કચ્છ, ૩ ગુજરાત, ૪ મહારાષ્ટ્ર, ૫ દક્ષિણ મહારાષ્ટ્ર. આ પાચ ભાગ ગવર્નર સાહેબે સિંધ, ઉત્તરભાગ, મધ્ય ભાગ, ને દક્ષિણ ભાગના કમીશનર સાહેબોને સોપેલા છે. તેઓ સરકારની વસુલાત કલેક્ટર વગેરેની મારફતે વસુલ કરે છે, આ ઇલાકાની વસુલાત આશરે ૧૩ કરોડની છે. તેમાં ¼ અફીણની છે.

દેશી રાજ્યો.

સિંધમાં ખૈરપુરનું; કચ્છનું, ગુજરાતમા ગાયકવાડનો મુલક, ખંભાત, જુનાગઢ, નવાનગર, ધ્રાંગધ્રા, ભાવનગર, પાલણપુર, ઇડર, નોંદોદ, દેવગઢ બારીઆ, લુણાવાડા ને વાંસદાનું દક્ષિણમાં પેંઠ, જવાર જજીરા (હબસીનું) સાવંતવાડી, ભોર, અક્કલકોટ કોલાપુર, સાંગલી, સાવનુર.

પોર્તુગીઝનાં—દીવ, દમણ ને ગોવા

છાવણીઓ—ભુજ, રાજકોટ, અમદાવાદ, ડીસા, વડોદરા, મુંબાઇ, પુના વગેરે.

બીજી હકીકત—કચ્છના અખાતમાંથી મોતી નીકળેછે. ખારાઘોડાનું મીઠું વખણાય છે ને ખાનદેશ જીલ્લામાં ઢોર ઘણાં છે.

વ્યાખ્યાઓ.

પ્રાંત—ભાષાના ભેદે કરીને કે કુદરતથી જુદા પડેલા જમીનના ભાગને પ્રાંત કહે છે.

જીલ્લો—એક કલેકટરના તાબાનો ખાલસા મુલક, જેમાં ઘણા તાલુકા હોય છે તે.

સંસ્થાન—દેશી રાજાના રાજ્યને સંસ્થાન કહે છે.

એજન્સી—ઘણાં સંસ્થાનનો જથો જે પોલિટિકલ એજંટને સોંપેલો હોય છે તે.

બંદર—નદી અગર દરીઆ કાંઠે આવેલું શહેર કે જ્યાં વહાણુથી ઘણો માલ આવજા થતો હોય તે.

બેટ (દ્વીપ)—જમીનના જે ભાગની ચારે દિશાએ પાણી હોયતે.

દ્વીપકલ્પ—જમીનના જે ભાગની ત્રણ બાજુએ પાણી ને એક બાજુએ કોરી જમીન હોય તે.

ભુશિર (કેપ)—જમીનની જે અણી લાંબી થઈ સમુદ્રમા ગયેલી હોય તે.

ડુંગર—જમીન ઉપર જે મોટા ટેકરા ઘણા લાંબા હોય તે.

પર્વત—ઊંચા ને મોટા ડુંગર હારબંધ હોય તે.

મહાસાગર—ખારા પાણીનો ઘણોજ મોટો ભાગ હોય તે.

સમુદ્ર કે દરીઓ—મહાસાગરથી નાનો ખારા પાણીનો ભાગ.

અખાત—સમુદ્રનો ફાંટો લાંબો થઈ જમીન ઉપર ગયેલો હોયતે.

સરોવર—પાણીના જે ભાગની ચારે તરફ જમીન હોય તે.

નદી—મીઠા પાણીનો પ્રવાહ પર્વત અગર સરોવરમાંથી નીકળી વળતી જગામાં થઈ બીજી નદી અગર સમુદ્રને મળે છે તે.

નદીનુંમૂળ—જે જગાએથી નદી નીકળે છે તે જગા.

નદીનું મુખ—જે જગાએ નદી સમુદ્રને મળે છે તે જગા.

સંગમ—એક નદી બીજી નદીને જે જગાએ મળે છે તે.

કિનારા—નદીના પ્રવાહ તરફ મોં કરીને ઉભા રહીએ તો જમણા હાથ તરફનાને જમણો ને ડાબા હાથ તરફનાને ડાબો કિનારો કહે છે.

દિશાઓ.

જે દિશામાં સૂર્ય ઉગે છે તે પૂર્વ દિશા. જે દિશામાં સૂર્ય આથમે છે તે પશ્ચિમ દિશા. પૂર્વ દિશા ભણી મોં કરી ઉભા રહીએ તો ડાબા હાથ તરફ ઉત્તર દિશા અને જમણા હાથ તરફ દક્ષિણ દિશા આવે છે.

ટીપ—ખૂણા કઇ કઇ દિશાની વચ્ચે આવે છે તથા નકશાની દિશાઓ નીચે પ્રમાણે.

